# પ્રથમ વર્ષ ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમોની સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી પડેલી બેઠકો ઉપર પ્રવેશ ઇચ્છુક ઉમેદવારો માટેના કાર્યક્રમ અંગેની જરૂરી સૂચના (પ્રવેશ વર્ષ-૨૦૧૬)

- આ ખાલી બેઠકોની પ્રવેશ કાર્યવાહીમાં પ્રથમ વર્ષ ડિગ્રી ફાર્મસી પ્રવેશ વર્ષ-૨૦૧૬ ના મેરીટ સમાવિષ્ટ તમામ ઉમેદવારો ભાગ લઈ શકશે.
- અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ ઉમેદવારોએ એસીપીસી ખાતે કન્સેન્ટ લેટર માટે રૂબરૂ આવવાની જરૂર નથી. ફક્ત તેઓએ પ્રવેશ કાર્યક્રમમા ભાગ લેવા માટે **www.gujacpc.nic.in** ઉપર પોતાના લોગ-ઈન આઈડી **(Login ID)** ની મદદથી તા. ૧૪-૧૦-૨૦૧૬ થી તા. ૧૫-૧૦-૨૦૧૬ દરમ્યાન ઓનલાઈન સંમતિ આપવાની રહેશે.
- આ ઉપરાંત અગાઉ રજીસ્ટ્રેશન કરાવેલ ન હોય તેવા પ્રવેશ પાત્રતા ધરાવતા ઉમેદવારોએ પ્રવેશ સમિતિ ખાતે રૂબરૂ તા. ૧૪-૧૦-૨૦૧૬ થી તા. ૧૫-૧૦-૨૦૧૬ દરમ્યાન રોકડેથી રૂા. ૩૫૦/- (નોન રીફન્ડેબલ) આપી કન્સેન્ટ લેટર / કન્સેન્ટ ફોર્મ મેળવી ભાગ લઈ શકશે.
- ત્યાર બાદ ઉમેદવારોએ પોતાનું કન્સેન્ટ ફોર્મ / કન્સેન્ટ લેટર સાથે જરૂરી પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત નકલ જોડી જે તે સ્વનિર્ભર સંસ્થા ખાતે પ્રવેશ મેળવવો હોય તે સંસ્થા ખાતે તા. ૧૮-૧૦-૨૦૧૬ થી તા. ૨૦-૧૦-૨૦૧૬ દરમ્યાન જમાં કરાવવાનું રહેશે.
- સંસ્થા દ્વારા પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોને રજીસ્ટ્રેશન ફોર્મ સ્વિકાર્યાની રીસીપ્ટ આપવાની રહેશે.
- જે તે સંસ્થા દ્વારા ઈન્ટર-સે મેરીટ લીસ્ટ **ACPC** ની **Guidline** પ્રમાણે તૈયાર કરી ઉમેદવારોને રૂબરૂ પ્રવેશ પ્રક્રિયા માટે તા. તા. ૨૨-૧૦-૨૦૧૬ થી તા. ૨૫-૧૦-૨૦૧૬ દરમ્યાન બોલાવી જે તે સંસ્થા દ્વારા પ્રવેશ અપાશે.
- પ્રવેશ મળ્યેથી તે જ સમયે એક સેમીસ્ટરની ટ્યુશન ફી રોકડમાં પ્રવેશ મળેલ સંસ્થા ખાતે ભરવાની રહેશે.
- ખાલી રહેલી બેઠકો ઉપર જે ઉમેદવારે ઉપર દર્શાવેલ નિર્ધારીત સમયગાળામાં રજીસ્ટ્રેશન કે કન્સેન્ટ આપેલ હશે નહી તેવા ઉમેદવાર પ્રવેશ માટે લાયક રહેશે નહી.
- આ ખાલી બેઠકોની કાર્યવાહીમાં ભાગ લેવા માટે અગાઉનો પ્રવેશ હાલ રદ કરાવવો જરૂરી નથી જેની ખાસ નોંધ લેવી.
- ઉમેદવારે અગાઉ મળેલ પ્રવેશ રદ કરાવવા જે તે પ્રવેશ મળેલ સંસ્થા ખાતે પ્રવેશ રદ કરાવવાની અરજી આપવાની રહેશે. અગાઉનો પ્રવેશ રદ થયા બાદ ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે થશે.
- પ્રવેશ કાયમ કરાવવા માટે જરૂરી અસલ પ્રમાણપત્રો ચકાસણી અર્થે સાથે રાખવાના રહેશે, પરંતુ અસલ પ્રમાણપત્રો જમાં કરાવવાની જરૂરીયાત નથી, જેની નોંધ લેવી.
- પ્રવર્તમાન નિયમોની જોગવાઈ અનુસાર ખાલી રહેલી જગ્યાઓ માટે નીચે મુજબનાં અગ્રતાક્રમથી ઉમેદવારોની પસંદગી કરવાની રહેશે :(૧) પ્રવેશ વર્ષ-૨૦૧૬ ની પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવેલ હોય અને પ્રવેશ સમિતિની ગુણવત્તા યાદીમાં સમાવિષ્ટ હોય (૨) બોર્ડ દ્વારા ચાલુ વર્ષમાં લેવામાં આવેલ પૂરક પરીક્ષામાં બેઠા પછી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ તથા **JEE (Main)-2016/GUJCET-2016/NEET-2016** પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય તથા (૩) અન્ય રાજ્યમાંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ તથા **JEE (Main)-2016/GUJCET-2016/NEET-2016** પ્રાવેશીક પરીક્ષા આપેલ હોય (ગુજરાત રાજ્યનું **Domicile** ધરાવતા ઉમેદવારોને અગ્રતા આપવાની રહેશે.) (૪) ડિપ્લોમા ફાર્મસી/ડિગ્રી સાયન્સની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ ઉમેદવારો. (૫) બોર્ડ માંથી લાયકી પરીક્ષા લઘુત્તમ લાયકાત સાથે ઉત્તીર્ણ કરેલ પરંતુ **JEE (Main)-2016/GUJCET-2016/NEET-2016** પ્રાવેશીક પરીક્ષા ન આપેલ હોય તેવા ઉમેદવારો.

**તા. ૧૩-૧૦-૨૦૧૬**

**— મેમ્બર સેક્રેટરી**